॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

श्री

દગાબાજ દુનીયા.

નાટકનાં ગાયનો તથા ટુંકસાર.

ડાયરેકટર-મ[illegible]ક વલ્લભ નાયક.

શ્રી દેશી નાટક સમાજ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હરગોવિંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક--શ્રી દેશી નાટક સમાજ.

ઠે. [illegible]કોટા માસ્તર થીએટર--અમદાવાદ.

સંવત ૧[illegible]૭ સને ૧૯૩૦

આવૃત્તિ [illegible] થી) (પ્રત [illegible]૦૦

કિંમત ચાર આના.

આ ચોપડી શ્રી જૈન એડવોકેટ પ્રીન્ટિંગ પ્રેસમાં **વાડીલાલ બાપુલાલ શાહે** શ્રી દેશી નાટક સમાજને માટે છાપી
ઠેo ઘીકાંટા જેશીંગભાઇની વાડી—**અમદાવાદ.**



॥ ઓમ તત્સત પરમાત્મને નમઃ ॥

દગાબાજ દુનીયા.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

સ્વર્ગસ્થ સાક્ષર ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજ માટે

રચનાર—ઠક્કુર નારાયણ વિસનજી

છપાવી પ્રસિદ્ધ કરનાર

હરગોવંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક—શ્રી દેશી નાટક સમાજ

હાલ મુકામ ઘીકાંટા માસ્તર થીએટર—અમદાવાદ.

સંવત ૧૯૮૭ (પ્રત ૧૦૦૦) સને ૧૯૩૦

કીંમત ચાર આના

દગાબાજ દુનિયા

નાટકનો પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર

પૂર્વ કથા.

વિલાસપુરનો કોટિપતિ જાગીરદાર અને ધર્માવતાર મહાશય વિદ્યાસાગર પોતાના અલ્પવયસ્યક પુત્ર તારાનાથને પોતાના તે સમયના વિશ્વાસપાત્ર સેવક ચંદ્રશેખરને સોંપી અને પોતાની વિશાળ સ્થાવર તથા જંગમ સંપત્તિનો ટ્રસ્ટી બનાવી સ્વર્ગવાસી થયો હતો. તારાનાથની માતાનો પણ પૂર્વેજ સ્વર્ગવાસ થયેલો હોવાથી અને અન્ય કોઈ પણ નિકટનુ સંબંધી ન હોવાથી કેવળ ચંદ્રશેખરની દયા કે સત્ય નિષ્ઠાપર જ તેના જીવનનો આધાર હતો. ચંદ્રશેખરની પત્ની પયોધરા દેવીસ્વભાવની અબળા હોવાથી તેણે પોતાના પુત્ર પ્રમાણે તારાનાથનું લાલનપાલન કર્યું અને તારાનાથ ઉછેરી મોટો થયો. ચંદ્રશેખરની હેમલતા નામની એકની એક પુત્રી હતી. અને તારાનાથ તથા હેમલતા એકજ ઘરમાં સાથે રમી સાથે જમી ઉછરીને મોટા થયેલા હોવાથી બાલ્યકાળથી જ તેમનો પરસ્પર પ્રેમ બંધાયો હતો અને ઉભયનું તારૂણ્ય આવતાં તે પ્રેમે પ્રણયનું સ્વરૂપ ધારણ કરવા માંડયું હતું, તારાનાથ વયમાં આવ્યો છે અને હેમલતાએ યૌવનદશામાં પ્રવેશ કર્યો છે, એ સમયથી આપણા પ્રસ્તુત નાટકનો પ્રારંભ થાય છે

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો. સ્થળઃ—વિલાસપુરમાં હેમલતાનો ખાનગી આવાસ—નવયૌવના સુંદરી હેમલતાનો વસંતમાં બોલતી કોકિલાને ઉપાલંભ અને ત્યારપછી કવિ કાળીદાસકૃત "શૃંગારતિલકનું" વાંચન તારૂણ્યવિકારદર્શન ! સખીઓનો નિર્દોષ વિનોદ, તારાનાથનું આગમન તેનો હેમલતા સાથે કેટલોક પ્રેમ વિનોદ અને પછી લગ્ન માટેની તેની યાચના 'જો માતાપિતાનું અનુમોદન હોય, તો હું તમારી પ્રણયિની થવાને તૈયાર છું !' એવું હેમલતાનું ઉતર અને ઉભય પ્રણયિ હૃદયોનો નિરવધિ આનંદ.

પ્રવેશ ૨ જો સ્થળઃ—સૉલીસીટર શ્યામાકાન્તનો બંગલો સોલિસિટર શ્યામાકાન્તની બૅરિસ્ટર થઈ આવેલી અને લાયકીના વળગાડથી ગાંડી બનેલી પત્ની સુશીલાના પુરૂષજાતિ વિરૂદ્ધના વિલક્ષણ અભિપ્રાય અને પાટલુન વિરૂદ્ધ હિન્દુસ્તાનમાં ઘાઘરા પહેરવાનો બળવો જગાવી હિન્દુસ્તાનના ઇતિહાસમાં એક સબ્જેક્ટ તરીકે પોતાના નામને અમર કરવાની તેની મહત્વાકાંક્ષા. તેની સખી ડૉ. મંછી કુંવારાપણાથી કંટાળી પરણેલી જિંદગી ભોગવવાના વિચાર અને સુશીલાનો તે માટે વિરૂદ્ધ આકાર; શ્યામાકાન્તના વિનોદી નોકર પ્રેમલાના કેટલાક વિનોદાત્મક પણ માર્મિક ઉદ્‌ગાર, શ્યામાકાન્તનુ આવવું, સુશીલાએ પતિપત્નીના સંબંધને છોડી કેવળ ધંધામાં ભાગીદાર રહેવાનો પોતાનો અભિપ્રાય દર્શાવવો; કંટાળેલા શ્યામાકાંતે તેની વાત માની બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની પરવાનગી માગવી, સુશીલાની એ માંગણી

સ્વીકારવામાં પૂર્ણ ઉદારતા, પ્રેમલાએ શેઠને તેમના લગ્ન સાથે પોતાના લગ્ન કરી આપવાની કરેલી માગણી. તેના શેઠ તરફથી તે માગણીનો સ્વીકાર અને પ્રેમલાના પોતાની ભાવિ પરણેલી જિંદગી વિશે કેટલાક વિલક્ષણ ઉદ્ગાર !

પ્રવેશ ૩ જો સ્થળઃ—ચંદ્રશેખરનો બગીચો–ચંદ્રશેખરની અમીરી. હુક્કા–ધૂમ્રપાન અને વારાંગનાના ગાનતાનનો વિલાસ. મિત્રો અથવા ગણિકાના જવા પછી ધનની મહત્તા વીશે ચંદ્રશેખરના કેટલાક આત્મગત ઉદ્ગાર, પયોધરાનું આવવું અને પતિને તારાનાથ વયમાં આવેલો હોવાથી તેના પિતાની સંપત્તિ તેને સ્વાધીન કરવા વિશેની તથા યુવતી હેમલતાનો તેની સાથે લગ્ન સંબંધ કરી આપી કન્યાના ઋણમાંથી મુક્ત થવા વિશેની તેની પ્રાર્થના. લોભપિશાચના પંજામાં સપડાયલા ચંદ્રશેખરના ગોળ ગોળ જવાબ. અને પયોધરાને રવાના કરી કોઈ પણ રીતે દોલત પચાવી તારાનાથને રઝળતો ભીખારી બનાવી પોતાની અમીરીને કાયમ રાખવા અને સંપત્તિનો મરતાં સુધી સ્વાદ ચાખવા વિશેના તેના માઠા અધર્મમય અને દુષ્ટતા ભરેલા વિચારો, કિંબહુના તેનો એક પ્રકારનો થયેલો અશુભ નિશ્ચય !

પ્રવેશ ૪ થો સ્થળઃ–ચંદ્રશેખરનો ખાનગી અવાસ–ચંદ્ર-શેખરની સોલિસિટર શ્યામકાંત સાથે સ્વર્ગવાસી વિદ્યાસાગરનું ખોટું મૃત્યુપત્ર (વિલ' બનાવવા વિશેની મસ્લત અને હેમલતાને વાચસ્પતિ નામના એક ગરીબ યુવકને બોલાવી પોતાના ઘરમાં રાખ્યો હતો તેની સાથે પરણાવી દેવાની વાતચીત, સવાલાખ રૂપિઆ લેવાની શરતે

શ્યામાકાંતે ખોટું મૃત્યુપત્ર બનાવવાના કાર્યનો કરેલો સ્વીકાર અને સૉલિસિટરના ધંધા વિશે શ્યામાકાંતના કેટલાક જાણવા જોગ ઉદ્‌ગાર.

પ્રવેશ ૫ મો સ્થળ:—તારાનાથનો મહાલય—ચંદ્રશેખરના બદલાયલા સ્વભાવ વિશે તારાનાથનું આશ્ચર્ય અને તે વિશે ચિંતા. વાચસ્પતિનું આગમન; તેની તારાનાથ સાથે ચંદ્રશેખરના શીખવવાથી તોછડાઈ ભરેલી વર્તણુક. કુલીન અને આત્માભિમાની તારાનાથનો ક્રોધ અને વાદવિવાદ. અચાનક ચંદ્રશેખરનું આવી તારાનાથનું ભયંકર અપમાન કરવું; પયોધરાના પતિને યોગ્ય ઉપદેશ. પણ ચંદ્રશેખરની બેપરવાઈ અને તારાનાથને તેના પોતાના આવાસમાં રહેવાની કે પેસવાની સખ્ત મનાઈ ? તારાનાથની કાં તો સ્વામી થઇને આવવાની કે કાં તો મરણ પર્યન્ત વિદેશવાસ કરવાની પ્રતિજ્ઞા; પેમલતાનો શોક અને છેવટે પ્રણયના ચિન્હ તરીકે હેમલતાના કરમાં **માધવીકંકણ** બાંધી તારાનાથનું વિદાય થવું ?

પ્રવેશ ૬ ઠો—બૅરિસ્ટર સુશીલાનો ખાનગી ઓરડો—પ્રેમલો પોતાની સગાઈ થઈ ગયેલી હોવાથી અને પોતાની થનાર બાયડી સુધરેલાં માબાપની દીકરી હોવાથી પોતે પરણ્યા પછી વિલાયતી ફેશનમાં રહેવું કે ગામઠીના ગામઠી રહેવું એ વિષેના વિચારસાગરમાં ગોથાં ખાતો આવે છે એટલામાં સમાજના ગંધાતા કીડારૂપ ડૉ. ભદ્રનાથ ભયંકરનું આવવું અને તેના હિંદુસ્તાન અને હિંદુસ્તાનના લોકો વિશે કેટલાક નીચ વિચાર; પ્રેમલાના મનમાં ભીતિનો સંચાર. સુશીલાનું આગમન અને સ્વાર્થપટુ ભદ્રનાથની હદ ઉપરાંત ખુશ-

મદબાજી-છેવટે પોતે પુરૂષ હોવા છતાં સ્ત્રીની ભાષા બોલવા સુધીનું તેનું સાહસ. શ્યામાકાન્તનું આગમન અને ભદ્રનાથનું અપમાન ! તેનું લાત જુતીના પ્રસાદ સાથે હડધુત થવા પછી પ્રયાણ !

પ્રવેશ ૭ મો સ્થળઃ—વનવિભાગ-જાગીરદાર ચંદ્રશેખરના અત્યાચા થી લુટારા બનેલા ગરાશિયા શાર્દુલરાજ અને તેના સાથી ઓની વાતચીત એક શિકાર આવવાના સમાચાર અને તેથી તેઓ છુપાઇને હલ્લો કરવા માટે તૈયાર ધર્મપુરના ધર્માવતાર જાગીરદાર હારાણચંદ્રની પુત્રી વારૂણીનું પોતાની સખીઓ સહિત મ્યાનામાં બેસી આવી લાગવું, વારૂણીનો વનવિહાર અને લુટારાનો હલ્લો, વારૂણીના બચાવ માટે તારાનાથનું લુટારા સાથે લડતાં ઘાયલ થવું. અને ત્યાર પછી હારાણચંદ્રનું પોતાના માણસો સાથે આવી લાગવું, હારાણ-ચંદ્રની કારણવશાત લુટારા થયેલા ગરાશિયા તરફની અનુકંપા અને ઉદારતા; લુટારા ગૃહસ્થના રૂપમાં બદલાય છે. તારાનાથને પોતાને ઘેર લઈ જવાની અને ઉપકારનો બદલો આપવાની હારાણચંદ્રની આકાંક્ષા અચાનક ચંદ્રશેખરનું શાર્દુલરાજને પકડવા માટે આવી પહોંચવું, અને હારાણચંદ્ર દ્વારા તેનો બચાવ ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો સ્થળઃ—હેમલતાનો આવાસ—હેમલતાનો તારાનાથ વિશેની ચિંતામાં પ્રવેશ, માધવીકંકણને ઉદેશીને કેટલાક આત્મગત ઉદ્‌ગાર, પયોધરાનું આગમન અને હેમલતાના તારાનાથ

વિષયક પ્રેમને અન્યત્ર વાળી તેને તેના પિતાની ઇચ્છાને વશ થવાને ઉપદેશ, ઉમલતાનો માતા સાથે સ્ત્રીની લગ્ન વિષયક સ્વતંત્રતા વિશે વાદવિવાદ. અને દેવટે માતાના ઉપદેશથી એક આર્ય કન્યા તરીકે તેની પિતાની આજ્ઞાની આધીન થવાની અનુમતી પ્રણયના સ્થાનમાં બંધુપ્રેમની સ્થાપના અને વિશુદ્ધ ભાવનાની પ્રાણપ્રતિષ્ઠા.

પ્રવેશ ૨ જો સ્થળ:—ધર્મપુરમાં હારાણચંદના મહાલયનો એક ભાગ—બીમારીના બિછાનામાંથી ઉઠેલા તારાનાથના મનોરંજન માટે સંગીતવિલાસ અને ત્યાર પછી તારાનાથની દશાના બદલાતા રંગ વિશે કેટલાક વિચાર હારાણચંદ્ર અને તેની પુત્રી વારૂણીનું આગમન અને તેમનું તારાનાથને આશ્વાસન પછીથી તારાનાથના પ્રેમમાં પડેલી વારૂણીની તારાનાથ પાસેથી માર્મિક પ્રેમ યાચના, તારાનાથે તેનો કનો કરેલો સ્પષ્ટ શબ્દોમાં અસ્વીકાર અને વારૂણીની તેના પ્રેમને કોઇપણ ઉપાયે મેળવવાની દઢતમ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૩ જો સ્થળ:—સોલિસિટર શ્યામાકાન્તનો બંગલો—પ્રેમલો પોતાની નવીન પત્ની મંછાના સંબંધમાં આસ્માની સુલ્તાની વિચાર મંછીનું આવવું; નારીના કુમારી જીવનની હીનતા વિશે તેના કેટલાક ઉદ્ગાર અને પતિની સાથે તેનો કેટલોક પ્રેમવિનોદ ત્યાર પછી પ્રેમલો મુખથી તેની નવી પત્ની ડોકટર મંછીની પ્રશંસા અને બેરિસ્ટર સુશીલાનું આગમન; સ્વતંત્રતાએ કરેલી તેની દુર્દશાનું દર્શન એ પછી જાગીરદાર હારાણચંદ્ર અને છુપા વેશમાં રાજા ભાવશીસિંહનું આવવું; સોલિસિટરને સમજાવી પોતાના પક્ષમાં લઈ

ચંદ્રશેખર વિરૂદ્ધના પ્રબળ પમાણુરૂપ સ્વર્ગવાસી વિદ્યાસાગરનું મૂળ સત્ય મૃત્યુપત્ર પોતાના કબજામાં કરી લેવું ચંદ્રશેશરની અવનતિનો આરંભ.

પ્રવેશ ૪ થો સ્થળઃ–જંગલમાં શાર્દુલરાજનો આવાસ– લુટારા થએલા શાર્દૂલરાજને હારાણચંદ્રે આશ્રય આપેલો હોવાથી એના ઉપર વેર લેવાનો ચંદ્રશેખરનો વિચાર શાર્દૂલરાજનું કેદી થઇ આવવું, તેના આવાસમાં આગ લગાવી ચંદ્રશેખરનું પ્રસન્ન થવું; હારાણચંદ્રનું સૈનિકો સાથે આગમન, તે આગ બુઝાવી સર્વના જીવ બચાવે છે; ચંદ્રશેખર તથા હારાણચંદ્રની જામેલી લડાઇને પયોધરા આવી અટકાવે છે.

પ્રવેશ ૫ મો સ્થળઃ-હેમલતાનો એકાંત આવાસ–લક્ષ્મી અને લક્ષ્મીસ્વરૂપિણી હેમલતા જેવી લલના મળવાથી વાચસ્પતિનો આનંદ હેમલતાનું આવવું અને તેણે કરેલી પતિના હૃદયની પૂરેપૂરી કસોટી વાચસ્પતિને સત્યાવલંબી જાણીને તેનામાં હેમલતાના પ્રેમની દૃઢતા વાચસ્પતિના જવા પછી તારાનાથના અચાનક અદૃશ્ય થવાથી તેના પ્રેમમાં ઉન્મત્ત થયેલી વારૂણીનું હેમલતા પાસે આવવું (કારણ કે જેણે તારાનાથનાં મુખમાથી એવા શબ્દો સાંભળ્યા હતા કે "જો પરણીશ તો હેમલતાને અને નહિ તો જીવન બ્રહ્મચર્યમાંજ ગાળીશ!) અને તેની પાસેથી વારૂણીની તારાનાથના તેણે ચોરેલા હૃદયમાંથી અર્ધભાગ આપવાની પ્રાર્થના. સ્નેહની અલૌકિક સત્તા! હેમલતાના સાધુ વિચાર અંતે ઉન્મત વારૂણીને અંતઃકરણપૂર્વક હેમલતાનું આશ્વાસન!

પ્રવેશ ૬ ઠો સ્થળ-ડૉ. ભદ્રનાથ ભયંકરનું મકાન-ડૉ. ભદ્રનાથના સુશીલા વિશે અભદ્ર વિકાર, સુશીલાનું આવવું અને તેની ડૉકટર ભયંકર પાસેથી એક હજાર રૂપિયાની લોન માટેની માંગણી. ડૉકટરની બદલામાં અયોગ્ય સ્નેહની યાચના અને સુશીલાનો ધિક્કાર ! સુશીલા તમાચો લગાવી પોબાર અને ડૉકટર ભયંકર વેરનો બદલો લેવા માટે ગરમાગરમ અંગાર !

પ્રવેશ ૭ મો સ્થળઃ-હૃશીકેશ, ગંગાતીર પ્રાંત-તારાનાથનું તીર્થાટન કરતાં હૃશીકેશમાં આવવું, તે પવિત્ર સ્થાનનું તેના પવિત્ર હૃદયમાં થયેલું પરિણામ અને નિરાશ થવાથી સ્વામી વિવેકાનંદ પાસેથી સન્યાસ્ત દીક્ષા લેવાની તેની તૈયારી. અચાનક પોતાના પતિ સાથે તીર્થયાત્રા કરવા આવેલી હેમલતાનું આગમન; જુના પ્રેમી જનોની ચાર આંખ, નિઃસ્તબ્ધતા અને પટાક્ષેપ ? **ટેબ્લો.**

અંક ત્રીજો

પ્રવેશ ૧ લો સ્થળ-હૃષીકેશનો એક વન વિભાગ-વિવેકાનંદના આશ્રમની સંન્યાસિની બાળાઓનો વન પુષ્પ ચૂંટતાં તારાનાથના સન્યાસ સ્વીકારમાં હેમલતાના આગમનથી થયેલી બાધાના સંબંધમાં વાર્તાલાપ; નિર્વિકાર જીવનની મહત્તાનો તેમના મુખથી પ્રકાશ અને પ્રભુ ભજનમાં આનંદનો સાક્ષાત્કાર.

પ્રવેશ ૨ જો સ્થળઃ–ચંદ્રશેખરનો મહાલય–ગાનતાન મગ્ન ચંદ્રશેખર. તીર્થયાત્રા માટે ગયેલી પોતાની પુત્રી હેમલતા વિશે પયોધરાની ચિંતા. માતાના પ્રેમનું દર્શન. અને હૃષીકેશમાં તારાનાથ સાથે હેમલતાના મેળાપના સમાચાર સંભળાવી તારાનાથ શેનું કેટલુંક અશુભ ચિન્તવન કરવું. પાપી હૃદયનું ચિત્ર; હારાણચંદ્રનું સરકારી વોરંટ સાથે અવી લાગવું. ચંદ્રશેખરની ઉચ્છંખલતા અને પાપાત્મા પતિને બચાવવા જતાં મહારાજા ભાવસિંહની રિવોલ્વરથી ધર્માત્મા દેવી પયોધરાનો સ્વર્ગવાસ ! ચંદ્રશેખર કેદ !

પ્રવેશ ૩ જો સ્થળ–સોલિસિટર શ્યામાકાન્તના બંગલાનો એક ભાગ—પરણવાથી હર્ષના અતિરેકથી ગાંડા જેવા બનેલા પ્રેમલાના પોતાની બાયડી મંછાને આ જગતમાં અમર કરવા માટેના કેટલાક વિલક્ષણ તરંગો, છેવટે મંછા સાથે તેનો ફોટોગ્રાફ પડાવવાનો વિચાર અને ફોટોગ્રાફમાં કેવા પોઝીશનથી બેસવું તેની તકરાર; શેઠાણી સરસ્વતીનું આવવું, તેનો પ્રેમલાને ઉપદેશ અને છેવટે "લાવણી, ના વડગાડથી ગાંડી થઈને મેડહાઉસમાં પુરાયલી સુશીલાને જોવા જવાનો સર્વનો નિરધાર.

પ્રવેશ ૪ થો સ્થળ—હૃષીકેશ ગંગાતીર–સ્વામી વિવેકાનંદનું અદ્વૈત ગાન, હેમલતાનું તારાનાથને મળવા માટે આગમન, વાચસ્પતિનું પણ પત્નીના હૃદયની પરીક્ષા માટે ગુપ્ત રીતે આવી પહોંચવું, તારાનાથ અને હેમલતાનો મેળાપ ! હેમલતાને પરનારી થયેલી જાણી તારાનાથે તેને 'ભગિની' કહીને બોલાવવાની બતાવેલી


ધર્મશીલતા ! ધર્મિષ્ઠતાની સાક્ષાત પ્રતિમા હેમલતાના હાથમાંના તારાનાથના 'માધવીકંકણ' અને તે સાથે પ્રણયબંધનનું પાપમોચની ગંગાના જલપ્રવાહમાં વિસર્જન ! બંધુપ્રેમની આદર્શતા ! વાચસ્પતિનો આ દેવ તથા દેવીની વિશુદ્ધતાનો પ્રત્યક્ષ નિહાળીને થયેલો માનસિક પરિતાપ, તારાનાથ પાસેથી તેણે કરેલી ક્ષમાની યાચના અને તેનો તારાનાથને સંન્યાસનો ત્યજી પોતા સાથે ચાલવાનો આગ્રહ, તારાનાથની દૃઢ વિરક્તતા ! અચાનક (હેમલતાએ તારાનાથના હૃષીકેશમાં હોવાના સમાચાર તારથી આપેલા હોવાથી) વારૂણીનું આગમન અને તેના મુખથી પયોધરના સ્વર્ગવાસ તથા ચંદ્રશેખરના કારાગૃહવાસના સમાચાર સાંભળતાં છવાયેલો શોક ! ગુરૂની આજ્ઞાથી અપકાર કરનાર ચંદ્રશેખરને કલંકમુક્ત કરવા અને વારૂણી સાથે લગ્ન કરી પ્રજોત્પત્તિવડે પિતૃઋણથી મુક્ત થવા માટે પુનઃ સંસારમાં પ્રવેશ કરવાનો તારાનાથનો નિર્ધાર–સંસારમાં સન્યાસની સ્થાપનાનું રમણીય દર્શન

પ્રવેશ ૫ મો સ્થળઃ—મેડહાઉસ—સુશીલાનો જોવામાટે શ્યામાકાંત, સરસ્વતી પ્રેમચંદ અને મંછાનું આગમન ભિન્ન ભિન્ન કારણથી બુદ્ધિનો ભાઈ ગાંડા થયેલા કેટલાક દુર્ભાગીઓની વિલક્ષણ ચેષ્ટાઓ ! છેવટે સરસ્વતીની સુચનાથી શ્યામાકાંતે સુશીલાનો કરેલો સ્વીકાર, તેના ઉન્માદનો અંત અને તેણે સ્ત્રીધર્મ પ્રમાણે વર્તી અવશિષ્ટ જીવન પતિની સેવામાં વીતાડવાનો કરેલો યોગ્ય નિર્ધાર?

પ્રવેશ ૬ ઠો સ્થળઃ–હારાણચંદ્રનો મહાલય–વિરહવેદનાની પીડાતી વારૂણીના કેટલાક મધુર મનોવિકાર ? હેમલતાએ આવી

હીરાણુચંદ્રના વારૂણીના લગ્ન તારાનાથ સાથે કરવાના થયેલા નિશ્ચયના સમાચાર સંભળાવવા, વારૂણીનો આનંદ! સમાનવયસ્ક મૈત્રિણીનેઃ મંજુલ વિનોદ ! હેમલતાના જવા પછી તારાનાથનું આવવું અને વારૂણી સાથે તેના પ્રણયનું મંગળાચરણ ! સરિતા અને સાગરનું સંમેલન !!

પ્રવેશ ૭ મો સ્થળ:-મહારાજા ભાવસિંહજીની ન્યાય સભા-ચંદ્રશેખર કેદીના અવતારમાં ! ન્યાયના કાર્યનો અંરંભ થવા પૂર્વેજ તારાનાથ અને હીરાણુચંદ્રના ઉદાર પ્રસ્તાવથી તેની મુક્તિ, પાપીનો પશ્ચાતાપ; તેની સન્યાસી થઈ અવશિષ્ટ જીવન પ્રભુ ભજનમાં વીતાડવાની પ્રતિજ્ઞા અને અંતે તારાનાથ તથા વારૂણીના સંસારપારિજાત હેમલતાના વરદ હસ્તથી હસ્તમેળાપ સાથે નાટકની આનંદમયી પરિસમાપ્તિ ! ?.



દગાબાજ દુનીયા નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

રાણા ભાવસિંહજી–વીરભૂમિનો ધર્મનિષ્ઠ અને ન્યાયમુર્તિ રાજા

હીરાચંદ–ધર્મપુરનો દાનશુર, દીનબંધુ તથા ધર્માત્મા જાગીરદાર

તારાનાથ–વિલાસપુરના સ્વર્ગવાસી જાગીરદાર વિદ્યાસાગરનો પુત્ર; નાટકનો ધીરોદાત્ત નાયક.

ચંદ્રશેખર–સ્વ. જાગીરદાર વિદ્યાસાગરનો મુનીમ. તેની સંપત્તિનો ટ્રસ્ટી અને પછીથી હરામખોરીથી બની બેઠેલો જાગીરદાર (આ નાટકની નાયિકા હેમલતાનો પિતા)

વાચસ્પતિ–એક દીન ક્ષત્રિય કુમાર હેમલતાનો પતિ.

શાર્દુલરાજ–ચન્દ્રશેખરના અત્યાચારોથી કંટાળીને લુંટારો થયેલો ગરાશિયો

વિવેકાનન્દ સ્વામી–એક સત્યનિષ્ઠ તથા વાસ્તવિક વિરાગી તરૂણ સંન્યાસી

શ્યામાકાન્ત–કાળાં ધોળાં કરનાર એક સોલિસિટર. બેરિસ્ટર શુશીલા તથા ડોકટર મછાનો પતિ.

ભદ્રનાથ–"ભયંકર" ઉપનામથી ઓળખાતો સમાજનો એક નામધારી સુધારક હોવાછતાં ગંધાતો કીડો.

પ્રેમચન્દ (પ્રેમલો)–શ્યામાકાન્તનો વિનોદી તરૂણ અનુચર

તે ઉપરાંત મિત્રો લુટારા, સિપાહી, સંન્યાસી, ગાંડાઓ અને સભાસદો ઈત્યાદિ.

સ્ત્રી પાત્રો.



પયોધરા—પાપાત્મા ચન્દ્રશેખરની ધર્માત્મા પત્ની, હેમલતાની માતા

હેમલતા—ચન્દ્રશેખર તથા પયોધરાની આદર્શ આર્ય પુત્રી અને પછીથી વાચસ્પતિની ધર્મપત્ની.

વારૂણી—જાગીરદાર હારાણચન્દ્રની પુત્રી અને પછીથી તારાનાથની પ્રાણેશ્વરી ગૃહલક્ષ્મી.

સુશીલા—શ્યામાકાન્ત સોલિસિટરની બેરિસ્ટર થયેલી સ્વતંત્ર સ્વભાવની પત્ની

સરસ્વતી—શ્યામાકાન્તની સુશિક્ષિતા હોવા છતાં પતિપરાયણા સાધ્વી પત્ની.

મંછા—પ્રેમચન્દ્રની પ્રાણેશ્વરી.

એ ઉપરાત સખીઓ, દાસીઓ, વારાંગનાઓ ઇત્યાદિ.

સ્થળ—વિલાસપુર. ધર્મપુર, હૃષીકેશ, અને વીરભૂમિ ઇત્યાદિ.

દગાબાજ દુનિયા નાટકના-ગાયનો

નાન્દી

બાળાઓ—

જયલલામ વિમળ ધામ, નાથ સૃષ્ટિના,
ઈશ ધરજે અમ હાથ, સદા રહીને સંગાથ વિશ્વમાં
દેજે કલ્યાણદાન; નીતિ ધર્મના નિધાન,
વિજય, માન મન વિરામ,
સકળ કામ કર તમામ; અચળ નામ પૂર હામ આ—જયલ.

હેમલતા— ૧

નહિ બોલ કોયલ કરી કરી ટહુકાર;
મને કાળજે લાગે કટાર, હજી હું છું કુવારી નાર-નહિ.
વસંતનો રંગ જામ્યો લતાને વૃક્ષ ભેટી હર્ષાય;
યૌવનપુષ્પ જે ખીલ્યું આ મારૂં, ભોગી વિના કરમાય;
મારી જાગી જાગી રાત જાય, તેમાં તું વળી વેરણ થાય-નહિ.
શાને ઋતુરાજ ખીલી મદનનો આ બાળામાં લાવે બિકાર;
હારી રતિનાથ, જોડીને બે હાથ, વિનવું શું અહીંથી પધાર;
મારો નાથ નથી આધાર, તારા મદને ઉતારી દેનાર-નહિ.

સખીઓ—હેમલતા: ૨

સાખી

નવયૌવના ઘાયલ થઇ કન્દર્પના મૃદુ બાણુથી;
એ વાત છે ચોકસ મદીલી આંખનાં એધાણુથી;
છે એજ ઇચ્છા હૃદયની 'ક્યારે મળે પ્રિય પ્રાણુથી !';
'ક્યારે કરે રસબસ છબીલો રસિકવર રતિલાણુથી !'
શ્યામને જઇ કો સમજાવો
વધાવી ફુલડે લઈ આવો

હેમ—મનડામાં મુંઝવણ સજની
સખીયો—લટકે લોભાવો લાલને
હેમઃ—અંતર ઝુલે ઝુલાવું ઓ સજની મારી
પ્રીતીરસ પ્રીતમજીને પાઉં ઓ સજની મારી
મનડામાં૦

સખીઓઃ—મંજુલ પાસે પધારો નવરંગ દુલારી
વિધવિધ રંગે રંગાવો નાનકડી નારી
મનડામાં૦

હેમલતા— ૩

વનિતાજન્મનું સન્માન,
પતિસ્નેહસુધારસ પાન—વનિતા.

નરપતિ પતિ છે સહન રાજ્યના: પ્રમદા માત્ર પ્રધાન
આજ્ઞાવશ નૃપનાં થઈ રહેવું, પ્રધાનનું એ ધ્યાન—વનિતા.

તારાનાથ—

વનિતા મૃદુતાની પ્રતિમા છે પુરૂષ કઠિન પાષાણ;
પુરૂષરૂપ આ જડ શરીરમાં, ચપળા ચેતન પ્રાણ.
વનિતા સ્વર્ગની છે લ્હાણ.

હેમલતા—

હો અજવાળી હોય રાત પણ થાય ન દિવસ સમાન;
ભોગ્ય વસ્તુ છે કુસુમ કામિની ભોગિ ભ્રમર નર માન-વનિતા.

પ્રેમલો— ૪

લલના લાવું લટકાવાળી
ઓહ ફેશન ને નખરાવાળી.
વાળે ઉત્તર તો મોઢાપર, મારૂં ઝાડું.
માને ઓરડર, તો આંખોપર હું બેસાડું;
કોરસ ડિયર સહુને નાર હુકમ ઉઠાવનાર,
લેડી લેડી લાડે લડાવનાર;
હસબંડ ઢાળ ધાર, વાઈફ છે વઘાર,
ભોળી ભોળી વગરવઘારી દાળ.

ગાનારીઓઃ— ૫

સુરખી કે લીએ ઉસને રંગે પાનકો ચીશ
લાખો દીલે શયદાને ગીરે બાનકો ચીશ.
હો હાથ કલમ ઉસ્કે અય ગોહરે નાયબ
જીસ્મે મોતી કે લીએ હાય ભેરે કાનકો ચીશ

અલ્લા યાર મેલે તામે મુજી થી વાં
કરા સરમે સદકે જામા યાર દે બેલે તામે
પાણી વે ભરે દીયા મેરી બાંવે થક ગઈ
તેમે વતન આવસા કુએ પાની ભરને—અલ્લા.
રૂડદીએ બેઠી વીચ કાઝી પંડદા.
કાઝી ખોલ કીતાબા કીકી મસલે કરદાં—અલ્લા.

શ્યામાકાન્તઃ— ૬

ન્યાયધુરંધર સોલિસિટર હું
પરધનથી પોકેટ ભરનાર,
ખટપટ છે તાજી, કાળાં ધોળાંની બાજી,
ધનવાનો રાજી. રાખું બોલીને હાજી,

કોરસ—અહીં કતર તહીં કતર, ન પાપનો જરાય ડર
જો જણાય જર,
લાખો લાઓ, લાઓ, ગોલ્ડ કોઇ લઓ;

લાઓ ગિની કોઇ બંતલાઓ,
લાઓ ડોલરને ખખડાઓ
પૈસાથી બેડા પાર—

તારાનાથ— ૭

લોભ મુળ છે પાપનું લોભે લક્ષણ જાય
જે ડુબ્યાં એ લોભમાં તે અંતે પસ્તાય
થયો જ્યાં લોભ તણો અધીકાર
નહિ ત્યાં જ્ઞાન ભાનકે સાર અસાર વીચાર
પરપ્રાન હરવા ધારે હમેશ નહિ તૃપ્તિ જ્યાં લેશ
દ્વેષ ધરે સંસાર સકળથી ભરે પાપ ભંડાર.

હેમલતા અને તારાનાથ— ૮

મુકી ભરદરીયે કયાં ચાલ્યા નમેરા
આ કાન્તાને વ્હાલા આધારે કોના
ત્યાગી દે કાન્તા અશોક તું નકામો
જીવન છે મારૂં તું પ્રાણનો વિસામો
દેહ ભલે જુદા પડે પણ જીવ ન જુદા થાય
સત્ય પ્રેમ પંથે થશે સરજન હાર સહાય—

શ્યામાકાન્ત, ભદ્રનાથ, પ્રેમલો ૯

જા જા જા હવે ચાલતો થા,
થા થા થા કાંઇ માણસ થા,
જા જા જા
જંગલી લડાઇ કરતાં ઘરમાં;
લડજો આવી જોઉં સડકમાં;
જોયો આ ફક્કડ, મારે બે થપ્પડ.
લાત જૂતી ચમત્કાર કરી હું બતાવનાર;
તારા જેવા તો હજાર જોયા જગમાં ગમાર;
મરી ગયા મારનાર ખાઈ આવી રીતે માર—જા.

વારૂણી— ૧૦

ઘાટી ઘટા આ વૃક્ષની વનભાગમાં શોભે સખી,
કલ્લોલ કરતાં પક્ષિયો, મન સાંભળી લોભે સખી;
એક સ્થળે કલનાદિની, સરિતા વહંતી જાય છે;
શીતલ પવનની મંદ લહરી, સુખદ કેવી વાય છે—ઘાટી.
કોઇ સ્થળે નાચી મયુરો મંજુ કેકારવ કરે;
કેઇ સ્થળે વળી કોકિલા મૃદુ ગાનથી મનડું હરે—ઘાટી.

અંક બીજો.

હેમલતા— ૧૧

પ્રાણ ભૂલી જજે હેમ તારી, પ્રણય દે વિસારી હવે;
તારી પ્રેમી આ કન્યા કુમારી થશે અન્ય નારી હવે;—પ્રાણ.
આજ્ઞા શિર મે જનકની ચઢાવી, શુદ્ધ પ્રીતિ પ્રણયને બનાવી
તે થયું જે હતું હાય ભાવી, પ્રણય દે વિસારી હવે— પ્રાણ.
તું થયો આજથી બંધુ મારો, સર્વ છૂટયા હૃદયના વિકારો;
થઇ ભલે અન્યનો પ્રાણ પ્યારો, પ્રણય દે વિસારી હવે—પ્રાણ.

ગાનારીઓ: ૧૨

આજ યમુના તીરપે બની અનુપમ બાત
ન આવે જો નટર વહાં તો જરૂર મે ડુબજાત
બેની માધો ને બચાઈ એહી અચરજ મોહે આઈ વો માઈ
— માધો.

યમુના ત્રટમે આજ ખડીથી નીરપે નેન લગાઈ
ઈત ઉત હૌરત નીકી મછલીયાં મન પાઇ ચકતાઈ
લીપસ ગયો મેરો પેર પાની ઔર તનકી શુદ્ધ બીસરાઇ
આયો અચાનક લાલ લાડીલો પકરી મોરી કલાઈ
ખેચ છરલીની છાતી સું લગાઈ હંસમુખ બોલે
કૈસી લરી કાઇ બાઈ—માધોને બચાઈ

વારુણી ૧૩

મુગ્ધા નારીની નીતિ–વદનથી વચન ન કહેવાનું રસિકવર
સ્નેહીને સમજાવી સાનથી, તનમન લેવાનું;
રસિકનું રતિધન લેવાનું—મુગ્ધા.

જે માનિની મુખમાં લાજકડી,
તે કેમ ઉકેલે સ્નેહ ઘડી,
તેના જોઇને હાવ ભાવ સહુ સમજી લેવાનું;
સાનમાં સમજી લેવાનું.—મુગ્ધા.

મુગ્ધા છે કાચી કુસુમકલી,
રસભોગી છે તેનોજ અલી.
રે માન કળીને મૂઢ અલી છે તારે દેવાનું;
કળીને તારે દેવાનું.—મુગ્ધા.

તારાનાથ— ૧૪

તાર જે તુટયાં હૃદયના તે નહિ સંધાય છે
ના ખીલે પાછા કદાપી પુષ્પ જે સુકાય છે
હાર જે તુટી ગયો તે કોઈ કદી સાંધી શકે

પણ સંધાતા-વચ્ચે પડી જે ગાંઠ તે રહી જાય છે
આપ્યા પછી પાછા કદી માગ્યા છતાં જે ના મળે
છે હૃદયના દાન એ જે એકને દેવાય છે
દીલ કદી દાઝયાં અને તુટયાં વિષમ આઘાતથી
સીચીંયે અમૃત છતાં તે ના સજીવન થાય છે

પ્રેમલો-મંછા— ૧૫

રે લાગી લગની લાગી, મેં લાજ આજે ત્યાગી;
રે વાગી, વ્હાલી, વાગી, ઓહ પ્રેમગોળી વાગી—
ઓહ લેડી લટકાવાળી, તેં મારી કાતિલ પાળી;
રાતલડી બીજે ગાળી છાતલડી છેલા બાળી.—રે લાગી.
શાને તરસાવે વ્હાલી, પા અધરસુધાની પ્યાલી;
શી વાત કરો બેતાલી, હું તો મારે આ ચાલી.
છોડો, વાલમજી, છેડો છોડો,
તોડો રાણીજી, પડદો તોડો;
હાં હાંરે છોગાળા, ઘરમાં સૌ ઉઠશે જાગી રે લાગી.

હેમલતા—વાચસ્પતિ— ૧૬

ગુણીયલ ગોરી સુધારસ ન માની
મનોહર પ્રતિમા કોમળતાની—ગુણીયલ.
હે—માને સતી નારી સ્વામી સત્ય છે સારંગ પ્રાણી
સ્વર્ગને દેનાર ખરી સેવા સ્વામીની પ્રમાણી
વા-ભાગ્યશાળી નર જેને નાર આવી મળે શાણી
નીતી પટકુળે શોભે મનસુણી વાણી—ગોરી.

વારૂણી-હેમલતા ૧૭

રમાને ગયો ક્યાં એ વિસારી.
અલબેલો એ, મનમેલો એ;
ગયો છેલો મોહબાણુ મારી—રમાને.
હું ડુબેલીનો છે ન આરો;
હાય મને લુંટી ગયો એ લુંટારો-અલબેલો.
ધીર ધારી રહે બેન મારી;
મળી કાન્ત પીડ તારી, દેશે વિદારી;
જાદુગારાએ; કામણુગારાએ;
વિના મોતે મને હાય મારી—રમાને.


તારાનાથઃ— ૧૯

માયાનો કેવો અધિકાર—
ક્ષણનો બતલાવે ચમકાર
ક્ષણિક જગતમાં-
કપટજાળ વિસ્તાર-માયાનો.
નભધનુ સમ બહુ રંગ બતાવે;
પણ નહિ સત્ય વિહાર;
ભ્રમણામાં જન વ્યર્થ પડીને;
ભૂલે સત્ય વિચાર-માયાનો.

બાળાઓઃ— ૧૯

ભરતભૂમિ અમ સુજલા સફલા જન્મભૂમિ પીડાય;
તેની પીડાનો પરિહારક સંન્યાસી કહેવાય—(૨)
આજકાલ ભારતમાં વ્યાપ્યાં અધર્મ ને અજ્ઞાન;
ધર્માધ્યક્ષો ધર્મહીન જન અંધશ્રદ્ધાવાન;

અધોગતિ આ ભાળી ભારત બોલે મુખથી હાય તેની.
ભેદભાવને ત્યાગી માને આત્મા સર્વ સમાન;
સરખા માને બંધુભાવથી હિન્દુ મુસલમાન;
મને સંપથી બાંધો, બોલે ભારતવર્ષ સહાય–તેની.



અંક ત્રીજો.

મંછા-પ્રેમચંદ—   ૨૦

કાંટો વાગ્યો રે પ્રીતલડીને
ઓહ, હાય વેદના થાય;
હાય વેદના થાય,
મારી છાતી ચરર ચીરાય;
કાંટો વાગ્યો,
અરરર વાગ્યો.
મોહનમાળા મંછા ! મારી,
આવ કંઠમાં રાખું ધારી;
છેલા; છોડો છંડ છકેલી;
ભુરકી નાખી મને બનાવી લીધે
વિલાસ ખેલી,
જમાવ કેલી,
રિઝાવ એલી-વાગ્યો.

વિવેકાનંદ— ૨૧


જે વસ્તુના તું શોધમાં છે ક્ત તેનું નામ છે;
તે આપવાનું મિત્ર કે સંબંધીનું નહિ કામ છે—જે.
આ લોક કે પરલોકમાં ત્યમ પુસ્તકે કે મંદિરે
મળતી નથી એ મુક્તિ મિથ્યા શોધમાં એના ફરે—જે.
ઉન્માદથી તું બોલજે, ઉન્મત્ત સંન્યાસિન્ સદા,
'રે' 'ઓમ્ तत्सत ઓમ્' તો પામે કદા નહિ આપદા—જે
(શ્રી વિવેકાનન્દ વિચારમાળા)

વારૂણી— ૨૨

જોબનીયું આવ્યું આ એળે જાય;
ઘેલડું થઇને ઝોલાં ખાય— જોબનિયું.
રસે છાતી છલકાતી ન રાતલડી જાતી;
સેજલડી સુની દેખાય કંથ વિના
સેજલડી સુની દેખાય—જોબનિયું.
હું રોતાં ભીંજાતી રે આંસુડે ન્હાતી;
આંખલડી રાતી સદાય, કંથ વિના
આંખલડી રાતી સદાય—જોબનિયું.

વાઝૂણી—તારાનાથ ૨૩

રેલો રેલો, રસીલા, રંગ રેલો રે રામ રૂપાળા;
લૂટો લૂટો, લલિત લાલ, લલનાની લીલા, લટકાળા-
શાખા ગોરીને કાન ઠળા રે
હવે ગુંથે મળી રાસમાળા-રેલો.
સંન્યાસી સ્નેહી થયા, ત્યજી વસ્ત્ર કાષાય;
ચંપળાની એ ચાતુરી. બ્રહ્માથી ન કળાય;
ચેલા ગુરૂથી વેગળા, કહો કેટલા જાય,
છેવટ ગુરૂના ચરણથી, મોક્ષ શિષ્યનો થાય-રેલો.



જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજની
જ્યાં જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે. [illegible]

૧ સતી સંયુક્તા	૨૬ સતી દમયંતી	૫૧ સરસ્વતી ચંદ્ર
૨ સંગીત લીલાવતી	૨૭ કેસર કીશોર	૫૨ [illegible]
૩ પવિત્ર લીલાવતી	૨૮ સુભદ્રા હરણ	૫૩ સિદ્ધાર્થ બુદ્ધ
૪ સતી પાર્વતી	૨૯ ઉર્વશી	૫૪ દગાબાજ દુનિયા
૫ અશ્રુમતી	૩૦ રાઠોડ કન્યા	૫૫ [illegible]
૬ રામ વિયોગ	૩૧ પવિત્ર લક્ષ્મી	૫૬ માયાવી વીર
૭ મ્યુનીસીપલ ઈ	૩૨ કુસુમલતા	૫૭ મયુરધ્વજ
૮ ભોજ કુમાર	૩૩ ઉષા કુમારી	૫૮ [illegible]
૯ સરદારબા	૩૪ ગુલબકાવલી	૫૯ વલ્લભીપતિ
૧૦ ઉમાદેવડી	૩૫ [illegible]	૬૦ વસંત વીણા
૧૧ વીણાવેલી	૩૬ કર્મ ફળ	૬૧ કામલતા
૧૨ વિજયા વિજય	૩૭ નરસીંહ મહેતા	૬૨ સત્યવાદી હરિશ્ચ
૧૩ મદન મંજરી	૩૮ [illegible]	૬૩ દેશભક્તિ
૧૪ ઉદયભાણ	૩૯ કૃષ્ણ સુદામા	૬૪ મીનળ મુંજાલ
૧૫ મોહીની ચંદ્ર	૪૦ મહાકવિ કાળિદાસ	૬૫ દીવાન
૧૬ ગીત, સુંદરી	૪૧ રાજરત્ન	૬૬ રાજ સંસાર
૧૭ સતી સીતા	૪૨ પ્રહ્લાદ વિજય	૬૭ લક્ષ્મી
૧૮ [illegible]	૪૩ કૌરવ પાંડવ ભા ૧	૬૮ વીર પુજન
૧૯ સતી દ્રૌપદી	૪૪ [illegible] સતી વૃંદા	૬૯ સમાજ સેવા
૨૦ અસૂરી માયા	૪૫ કૌરવ પાંડવ ભા. ૨	૭૦ વીર રમણી
૨૧ શ્રી સન્યાસી	૪૬ [illegible]	૭૧ દેવી ઉથલ
૨૨ બાલીગ દુલીયા	૪૭ સૌંદર્ય વિજય	૭૨ દેશ દીપક
૨૩ સતી [illegible]	૪૮ દેવી [illegible]	૭૩ સત્તાનો મદ
૨૪ અજીત સીંહ	૪૯ મહારાજા અશોક	૭૪ કીર્તિસ્થંભ
૨૫ રૂકિમણી હરણ	૫૦ સતિ સુલોચના	૭૫ અજય ધારા

શ્રી દેશી ના. સમાજ—હરગોવીંદદાસ જેઠાભાઇ શાહ